..........................................................................ના ઉપયોગ અર્થે

અગ્રતા ક્રમ: : ૩૦

વિભાગ: ઉધોગ અને ખાણ વિભાગ

તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૩૦૭

વિધાન સભા ગ્રુહમા જવાબ આપવાની તારીખ :

ગુજરાત વિધાનસભા : ૧૫ મી વિધાનસભાનુ ચોથુ સત્ર.

તારાંકિત પ્રશ્ન : ધરોઈ ડેમથી અંબાજી સુધીના વિસ્તારને ઈકો ટુરીઝમ તરીકેવિકાસ

તારાંકિત પ્રશ્ન પૂછનાર સભ્યશ્રી : શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી

અને તેમનો મતવિસ્તાર : (દાંતા )

## અગ્રતા ક્રમ : ૩૦

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૩૦૭**
**વિષય: ધરોઈ ડેમથી અંબાજી સુધીના વિસ્તારને ઈકો ટુરીઝમ તરીકે વિકાસ**
**પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા )**

| ક્રમ નં | પ્રશ્નની વિગત | પા. નં |
|---|---|---|
| ૧ | તારાંકિત પ્રશ્ન | |
| ૨ | વિધાનસભાને આપેલ જવાબ | |
| ૩ | પુરક નોધ | |
| ૪ | પુરક પ્રશ્ન (૧)ધરોઈ ડેમ ખાતે કઈ કઈ વિકાસની કામગીરી હાથ ધરેલ છે. | |
| ૫ | પુરક પ્રશ્ન (૨)ધરોઈ થી અંબાજી રૂટને પ્રમોટ કરવા માટે પ્રવાસન વિભાગ દ્વારા કઈ કઈ ઈવેન્ટો કરેલ છે? | |

# પૂરક માહિતી

ગુજરાત સરકાર ધરોઈ પ્રદેશને વિશ્વ કક્ષાના પ્રવાસી સ્થળ તરીકે વિકસાવી રહી છે. આ પ્રોજેક્ટ ઉત્તર ગુજરાત માટે એન્કર તરીકે કામ કરશે જે ૯૦કિમીની ત્રિજ્યામાં આવતા નજીકના પ્રવાસન સ્થળને ધરોઇ સાથે જોડશે. ધરોઈ એન્કર તરીકે અન્ય નજીકના પર્યટન સ્થળની સાથે પ્રવાસીઓની વિવિધ માંગ જેમ કે આધ્યાત્મિક, સંસ્કૃતિ, હેરિટેજ, ઈકો અને મનોરંજનના સંપૂર્ણ પેકેજ તરીકે કામ કરશે.

ધરોઈ પ્રદેશના વિકાસની કલ્પના ત્રણ પેકેજોમાં કરવામાં આવી છે, જેમાં મુખ્ય ઘટકો રોડ નેટવર્ક, એડવેન્ચર વોટર સ્પોર્ટ્સ એરેના, પ્રવાસી સુવિધાઓ અનેઈન્ફ્રાસ્ટ્રક્ચર, રિવર એજ ડેવલપમેન્ટ, લેસર શો ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે એમ્ફીથિયેટર, પંચ તત્વપાર્ક (બોટનિકલ ગાર્ડન), વિઝિટર સેન્ટર અને વોટર એક્સપિરિયન્સ પાર્ક, અર્થ એક્સપિરિયન્સ પાર્ક, વિન્ડએક્સપિરિયન્સ પાર્ક (નાદ બ્રહ્મ ઉપવન), સન એક્સપિરિયન્સ પાર્ક, સ્કાય એક્સપિરિયન્સ પાર્ક, આઈલેન્ડ ગેટવેઅને જેટ્ટી,ઓપન ગ્રીન પાર્કર્સ વગેરે સમાવેશ થાય છે.

ધરોઈ પ્રદેશ ઉત્તર ગુજરાત સર્કિટ માટે એન્કર તરીકે કામ કરશે,પ્રાદેશિક પ્રવાસન, આધ્યાત્મિક સંગમ, સાહસ, પર્યાવરણ અને મનોરંજન પ્રવૃત્તિઓમાં સુધારો કરવો અનેવિકાસથી સ્થાનિક વસ્તીની આજીવિકામાં સુધારો થશે.

પેકેજ-૧ માટેની અંદાજીત રકમ રૂ. ૩૨૦.૫૪ કરોડ, પેકેજ-૨ માટેની અંદાજીત રકમ રૂ.૩૦૦.૫૨ કરોડ અને પેકેજ-૩ માટેની અંદાજીત રકમ રૂ. ૪૩૮.૩૫ કરોડ, સદર સમગ્ર પ્રોજેક્ટની અંદાજીત રકમ રૂ.૧૦૫૯ કરોડ છે.

હાલમાં પેકેજ-૧ હેઠળ એડવેન્ચર ડ્રાઈવ રોડ અને ટર્મિનલ રોડ ના વિકાસ ની કામગીરી પ્રગતિ હેઠળ છે.

પેકેજ-૨ અને 3 માટે કોન્ટ્રાક્ટરની નિમણુંકનીપ્રક્રીયાપ્રગતિહેઠળ છે.મહોર હિલ પર ગ્લાસ બ્રિજ  માટે ટેન્ડર ટુંકસમયમાંબહાર પાડવામાં આવશે અને સદર કામગીરી જુન ૨૦૨૫ સુધીમાં પુર્ણ કરવામાં આવશે.

પૂરકપ્રશ્નપૂછનારમાન. ધારાસભ્યશ્રી: શ્રી સરદારભાઇ ચૌધરી (ખેરાલુ)

પુરક પ્રશ્ન (૧) ધરોઈ ડેમ ખાતે કઈ કઈ વિકાસની કામગીરીનુ આયોજન કરેલ છે.

જવાબ:

ધરોઈ પ્રદેશના વિકાસની કલ્પના ત્રણ પેકેજોમાં કરવામાં આવી છે, જેમાં મુખ્ય ઘટકો રોડ નેટવર્ક, એડવેન્ચર વોટર સ્પોર્ટ્સ એરેના, પ્રવાસી સુવિધાઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રિવર એજ ડેવલપમેન્ટ, લેસર શો ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે એમ્ફીથિયેટર, પંચ તત્વપાર્ક (બોટનિકલ ગાર્ડન), વિઝિટર સેન્ટર અને વોટર એક્સપિરિયન્સ પાર્ક, અર્થ એક્સપિરિયન્સ પાર્ક, વિન્ડએક્સપિરિયન્સ પાર્ક (નાદ બ્રહ્મ ઉપવન), સન એક્સપિરિયન્સ પાર્ક, સ્કાય એક્સપિરિયન્સ પાર્ક, આઈલેન્ડ ગેટવે અને જેટ્ટી, ઓપન ગ્રીન પાર્ક્સ નો સમાવેશ થાય છે,

હાલમાં પેકેજ-૧ હેઠળ એડવેન્ચર ડ્રાઈવ રોડ અને ટર્મિનલ રોડ ના વિકાસ ની કામગીરી પ્રગતિ હેઠળ છે.

પેકેજ-૨ માટે કોન્ટ્રાક્ટરની નિમણુંકની પ્રક્રીયા પ્રગતિ હેઠળ છે.

પૂરકપ્રશ્નપૂછનારમાન. ધારાસભ્યશ્રી: શ્રી સુખાજી ઠાકોર (બેચરાજી)

પુરક પ્રશ્ન (૨)ધરોઈ થી અંબાજી રૂટને પ્રમોટ કરવા માટે પ્રવાસન વિભાગ દ્વારા કઈ કઈ ઈવેન્ટો કરેલ છે?

જવાબ: ધરોઈ થી અંબાજી રૂટને પ્રમોટ કરવા માટે પ્રવાસન વિભાગ દ્વારા “જલ સે જય તક” નામની ઈવેન્ટનું આયોજન કરેલ હતું. જેમાં ૩૦૦ થી વધારે સાયકલીસ્ટોએ સ્પર્ધા માં ભાગ લીધેલ હતો. જેમાં બોલીવુડના ખ્યાતનામ કલાકાર મિલિન્દ સોમાલ દ્વારા પણ ભાગ લેવામાં આવેલ હતો. તેની સાથે સાથે ૭૫ બાઈક રાઈડર અને તારક મેહતા કા ઉલટા ચશ્મા ની ટીમે પણ આ ઈવેન્ટમાં ભાગ લીધેલ હતો. આ ઈવેન્ટ ધરોઈ ડેમ થી શરુ કરવામાં આવેલ હતી અને અંબાજી ખાતે પૂર્ણ થયેલ હતી. અંબાજી મંદિર ખાતે આ ઈવેન્ટ ની ક્લોસિંગ સેરેમની રંગારંગ સંસ્કૃતિક કાર્યક્રમ સાથે કરવામાં આવેલ હતી. સદર ઈવેન્ટનો ઉમદા હેતુ એડવેન્ચર અને ઈકો ટુરિઝમને પ્રમોટ કરવાનો હતો.